પરચુરણ ફોજદારી અરજી નં.૨૫૩/૨૦૨૨

આંક–૧ લગત હુકમ.

(૧) અરજદારની અરજી વંચાણે લીધી. અરજદાર તર્ફે વિ.વ.શ્રી ડી.વી.સોંડાણીને સાંભળ્યા. આ કામે અરજદારે હાલની અરજીમાં જણાવેલ છે કે, અરજદારના પુત્રી સોનીયા મુકેશભાઈ સોલંકીનો જન્મ તા.૧૯/૦૧/૨૦૦૧ ના રોજ મહુવા મુકામે થયેલ છે. પરંતુ જે તે સમયે અરજદાર કાયદાથી અજ્ઞાત માણસ હોય, શરતચુકથી તેમના પુત્રીનાં જન્મની નોંધ મહુવા નગરપાલીકા કચેરીમાં કરાવવાની રહી જવા પામેલ છે. અરજદારને તેમના પુત્રીનાં જન્મનાં દાખલાની જરૂરીયાત પાસપોર્ટ કઢાવવા તથા સરકારી અર્ધ સરકારી કચેરીઓમાં રજુ કરવા માટે તેમના પુત્રીના જન્મ દાખલાની જરૂરીયાત ઉભી થયેલ છે જેથી હાલની આ અરજી જન્મ–મરણ નોંધણી અધિનિયમની કલમ ૧૩(૩) અન્વયે કરેલ છે.

(૨) આ કામે અરજદારની અરજીનાં સમર્થનમાં **નિ.૮/૧** થી જાહેર નોટીસ રજુ કરેલ છે. તેમજ આંક–૦૭ થી અરજદાર મુકેશભાઈ કનુભાઈ સોલંકીનુ સોગંદનામુ, આંક–૯ થી સવિતાબેન ધિરૂભાઈ પરમાર, આંક–૧૦ થી સોનીયા મુકેશભાઈ સોલંકી, આંક–૧૧ થી પ્રભાબેન ભીખાભાઈ સાવલીયા તથા આંક–૧૨ થી જયાબેન મુકેશભાઈ સોલંકી નાઓના સોગંદનામા રજુ કરેલ છે. જયારે આંક–૪ થી સામાવાળા યકીન મનસુરઅલી કાજાણી, સબ–રજીસ્ટ્રાર, મહુવા નગરપાલીકા કચેરી, તા.મહુવા, જી.ભાવનગર નાઓનું સોગંદનામું રજુ કરેલ છે. તેમજ તેઓએ મહુવા નગરપાલીકા કચેરીનાં જન્મ–મરણ રજીસ્ટરનો ઉતારો આંક–૦૬ થી રજુ કરેલ છે. આ કામે અરજદારના પુત્રીનાં જન્મ તારીખની નોંધ મહુવા નગરપાલીકા કચેરીમાં થયેલ ન હોવા અંગેની ખાત્રી કરી આપેલ દાખલો આંક–૫ થી રજુ કરેલ છે. વધુમાં અરજદાર તરફે આંક–૧૫ ની પુરશીસથી સીટી તલાટી મહુવા નાઓએ પેઢી આંબો આપવાની ના પાડેલ છે, તે મતલબનો સીટી તલાટીનો પત્ર રજુ કરેલ છે.

(૩) આ કામે અરજદાર તર્ફે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કામના અરજદારના પુત્રીના જન્મ અંગેની નોંધણી જે તે વખતે મહુવા નગરપાલીકા કચેરીમાં જન્મ નોંધણી રજીસ્ટરે થયેલ નથી. તેમજ અરજદારના પુત્રી સોનીયા મુકેશભાઈ સોલંકીનો જન્મ તા.૧૯/૦૧/૨૦૦૧ ના રોજ મહુવા મુકામે અરજદારના રહેણાંકના મકાને થયેલ હોવાનું

અરજદારે પોતાના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે. જેને રજુ થયેલ દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે. આ કામે અરજદારના પુત્રીની જન્મ તારીખ અંગે ન્યુઝપેપરમાં જાહેર પ્રસિધ્ધી કરાવવામાં આવેલ છે. અરજદારની અરજી સામે કોઈ વાંધા–તકરાર રજુ થયેલ નથી. અરજદારને તેમના પુત્રીનાં જન્મનાં દાખલાની જરૂરીયાત પાસપોર્ટ કઢાવવા તથા સરકારી અર્ધ સરકારી કચેરીઓમાં રજુ કરવા માટે તેમના પુત્રીના જન્મ દાખલાની જરૂર પડેલ હોવાનુ સોગંદ ઉપર જણાવેલ છે. આમ, આ કામે અરજદાર તેમના પુત્રીની જન્મ નોંધ કરાવવા માટે હકકદાર બને છે. તેમજ આવી જન્મની નોંધણી કાયદા મુજબ કરાવવી ફરજીયાત હોય, અરજદારની અરજી મંજુર કરવાપાત્ર હોય, ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:૦: હુ ક મ :૦:

(૧) અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર મકવાણા મુકેશભાઈ કનુભાઈ સોલંકીનાં પુત્રી સોનીયા મુકેશભાઈ સોલંકીનો જન્મ તા.૧૯/૦૧/૨૦૦૧ ના રોજ મહુવા, તા.મહુવા, જી.ભાવનગર મુકામે અરજદારના રહેણાંકના મકાને થયેલ હોય, હાલના અરજદાર પાસેથી નિયમ અનુસાર જરૂરી લેઈટ ફી લઈ, નગરપાલીકા કચેરી મહુવા, તા.મહુવા, જી.ભાવનગરનાં જન્મ રજીસ્ટરે જન્મની નોંધણી કરી અરજદારને તેમના પુત્રી સોનીયા મુકેશભાઈ સોલંકીનો જન્મનો દાખલો કાઢી આપવાનો આથી સામાવાળાને આદેશ કરવામાં આવે છે.

(૩) આ અરજી સંબંધે જો કોઈ વારસદારો કે અન્ય કોઈ ત્રાહિત વ્યકિત ભવિષ્યમાં કોઈ તકરાર લે અથવા અન્ય તથ્ય રેકર્ડ પર લાવે તો તેવા સંજોગોમાં અરજદાર તે માટે જવાબદાર રહેશે અને અરજદાર સામે કાર્યવાહી કરી શકાશે.

(૪) સદર હુકમની જરૂરી યાદી કરવી.

આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૨/૧૨/૨૦૨૨
મહુવા.

(કીર્તિકુમાર જીવણલાલ રાઠોડ)
કોડ નં.જીજે૦૦૮૭૫
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, મહુવા.

એ.એમ.વાળા